# વ્રજમંડળનું પ્રાગટ્ય

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

વ્રજ નામ નો અર્થ ગુજરાતી માં ભગવાન શ્રીકૃષ્ણનું સ્થાન છે. વ્રજનો સૌ પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં થયો હતો અને સંસ્કૃતમાં તેનો અર્થ સંસ્કૃત શબ્દ 'વ્રજ' નું નામ એક સુંદર અને ભક્તિપૂર્ણ નામ છે.પશુઓ માટે ગોચર, આશ્રય અથવા આશરો થાય છે.

વ્રજમંડળ અથવા વ્રજયાત્રા. ભગવાન શ્રીકૃષ્ણ તથા શ્રીમતી રાધારાણી સખીઓ સાથેની લીલા ભૂમિ છે. વ્રજભૂમિ એક વૈષ્ણવ હિન્દુ તીર્થયાત્રા સ્થળ છે. અલગ અલગ વૈષ્ણવ સંપ્રદાય પોતાના ભિન્ન ભિન્ન કાર્યક્રમ દ્વારા વ્રજમંડળ પરિક્રમા કરે છે. ગૌડીય વૈષ્ણવ પુષ્ટિમાર્ગ સંપ્રદાય વૃંદાવનથી પરિક્રમા કરે છે.. વ્રજમંડળ એક ભૌગોલિક તથા આધ્યાત્મિક ક્ષેત્ર છે. આ ભૂમિમાં દ્વાપરયુગમાં અવતારિત ભગવાન શ્રી કૃષ્ણે લીલા કરી હતી. આ સ્થળને ભક્તો દ્વારા ભગવાનના નિવાસસ્થાન તરીકે પૂજવામાં આવી રહ્યું છે.

વ્રજમંડળની ઉત્પત્તિ ભગવાન શ્રીકૃષ્ણ તથા બાળ સખાઓ, ગોવાળો, ગોપીઓ દ્વારા રચાયેલ લીલા સ્થળોનો પવિત્રધામ સમૂહ રૂપમાં થઈ હતી. શાસ્ત્રોમાં ઉલ્લેખ કર્યો છે કે ભગવાન શ્રીકૃષ્ણનાં પાલક માતા-પિતા યશોદા, નંદરાજાએ વૃદ્ધાવસ્થામાં ભારતના પવિત્ર તીર્થોની યાત્રા કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી હતી.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શ્રીકૃષ્ણનાં માતા-પિતા માટે ભારતવર્ષના પવિત્ર સ્થળોની યાત્રા કરવી સહેલી નહોતી. આથી માતા-પિતાની ઈચ્છા પૂર્તિ માટે ભગવાન શ્રીકૃષ્ણે ભારતભરનાં બધાં જ તીર્થોને વ્રજમાં વાસ કરવા આજ્ઞા આપી. આ આદેશનું પાલન કરવા બધાં જ તીર્થો વ્રજભૂમિમાં પોતપોતાના ઉચિત સ્થાને આવી સ્થાપિત થયાં. ત્યાર બાદ વ્રજમાં બિરાજમાન પવિત્ર તીર્થોની યાત્રા કરાવવામાં આવી હતી. આ યાત્રાના પવિત્ર માર્ગ તથા તીર્થસમૂહને વ્રજમંડળના મુખ્ય બિંદુ નીચે પ્રમાણે આપી શકાય.



1. લીલા ભૂમિઃ વ્રજમંડળની ભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણે જન્મ લીધો તથા બાળલીલાઓ કરી હતી. મથુરા, વૃંદાવન, ગોવર્ધન, નંદગામ, બરસાના વગેર લીલા સ્થળો છે.

પરિક્રમા વિકાસ : સમયની સાથે વિવિધ વૈષ્ણવ સંપ્રદાયો આ લીલા સ્થળને સાંકળી પોતપોતાની રીતે પરિક્રમા છે.

ઐતિહાસિક માન્યતાઃ 16મી સદીના નિર્બાક સંપ્રદાયના નારાયણ ભટ્ટ ગોસ્વામીએ વ્રજમંડળ પરિક્રમા માટે વિસ્તૃત ગાઈડ બુક પ્રગટ કરી જેના દ્વારા યાત્રાની ઓળખ તથા યાત્રા માર્ગ અને યાત્રા રૂપરેખા નિશ્ચિત થઈ શકે.

આધ્યાત્મિક મહત્ત્વઃ વ્રજભૂમિ કૃષ્ણની પ્રેમ લીલાઓનું કેન્દ્ર છે. જેને ભક્તો ભગવાનનું ઘર માની વ્રજમંડળની પરિક્રમા કરે છે.

વિશાળ વ્રજમંડળ ક્ષેત્ર પારંપારિક અને ઐતિહાસિક રૂપે 84 કોષ પરિઘમાં ફેલાયેલ છે. જે ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લા રાજસ્થાનનો ભરતપુર જીલ્લો, હરિયાણાનો પલવલ જિલ્લાના ઉપખંડનો સમાવેશ થાય છે. આ વ્રજમંડળ ક્ષેત્રમાં સાંસ્કૃતિક, ધાર્મિક તથા પૌરાણિક દષ્ટિએ મહત્ત્વપૂર્ણ સ્થાનો આવેલાં છે.

દર વર્ષે 5 કરોડ તીર્થયાત્રીઓ તથા પ્રવાસીઓ આ વ્રજક્ષેત્રની યાત્રાનો લાભ લે છે. તેઓ અહીંનાં વિવિધ મંદિરો, કુંડો તથા વનોનાં દર્શન કરી ધન્યતા અને પવિત્રતાનો અનુભવ કરે છે. વ્રજમંડળમાં 48 વનો સામેલ છે. જેમાં ઉપવનો, પ્રતિવનો તથા અધિવનો છે. પદ્મપુરાણ અનુસાર યમુનાના પૂર્વ અને પશ્ચિમમાં 12 પ્રમુખ વનો સ્થિત છે.

> **વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શ્રીકૃષ્ણનાં માતા-પિતા માટે ભારતવર્ષના પવિત્ર સ્થળોની યાત્રા કરવી સહેલી નહોતી. આથી માતા-પિતાની ઇચ્છા પૂર્તિ માટે ભગવાન શ્રીકૃષ્ણે ભારતભરનાં બધાં જ તીર્થોને વ્રજમાં વાસ કરવા આજ્ઞા આપી**

વ્રજપ્રદેશમાં મોટાભાગના રહેવાસીઓ હિન્દુઓ છે. મુખ્ય બ્રાહ્મણ જાતિઓમાં સનાઢ્ય, ગૌર, ચૌબે અને આદિવાસીનો સમાવેશ થાય છે. ખેતી કરતી અને પશુપાલન કરતી જાતિઓમાં યાદવ, જાટ, જડૌં, રાજપૂત, ગુર્જર, મેઓ અને ચમારનો સમાવેશ થાય છે. મુખ્ય વેપારી જાતિઓ અગ્રવાલ, ખંડેલવાલ, મહેશ્વરી અને બરાહસૈની છે. મુસ્લિમો એક નાની લઘુમતી બનાવે છે. જૈન, શીખ અને ખ્રિસ્તીઓની હાજરી લગભગ નહિવત્ છે.

---

# રોકાવાની કળા



**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

પશ્ચિમ બંગાળના વર્ધમાન જિલ્લાના દામોદર નદીના કાંઠે વસેલ તેજપુર ગામમાં સુંદર દાસ બાઉલનો આશ્રમ છે. તેને મનસા મેલામાં લઈ જવા માટે તેની પાસે અમે ગયા હતા.

ધુની સ્વભાવના સુંદર દાસે આવવાનો ઈનકાર કરી દીધો. જ્યોતિ ચૌધરીએ તેને સમજાવ્યો પણ તે માન્યો નહીં. બોલ્યો, ''ભાઈ જ્યોતિ! તને મારો શિષ્ય સંજોગ યાદ છે? આજે તે અહીં આવવાનો છે. થોડે દૂર ઉપર પર્વત પર, પલાસબની ગામમાં તેનો આશ્રમ છે. મારી પાસે તે કંઈક કામ માટે આવવાનો છે. તમે બંને પણ રોકાઈ જાઓ. તેને મળો!''

અમે તેની વાત માની ગયા. રોકાઈ ગયા.

અહીંથી થોડે દૂર 28 કિલોમીટર પલાસબની ગામમાં સંજોગ દાસનો આશ્રમ હતો. તે ખૂબ જ વિખ્યાત બાઉલ હતો. તેના ત્રણ ત્રણ સ્થાનો પર આશ્રમ હતા અને તાજેતરમાં જ અડધા યુરોપની યાત્રા કરીને આવ્યો હતો. થોડી વારમાં તે સુંદર દાસ પાસે આવ્યો. 'જય ગુરુ' કહી, સુંદર દાસને વંદન કરી તે બેઠો! અમને જોઈને તે કંઈક ક્ષોભ અનુભવતો હતો પરંતુ સુંદર દાસે કહ્યું, ''જ્યોતિદાને તું ઓળખે છે, સાથે છે તે પણ તેમના મિત્ર છે! નિઃસંકોચ વાત કર!''

તે પછી સંજોગ દાસ થોડો હળવો થયો. બોલ્યો, ''ગુરુ! મને ઊંઘ નથી આવતી! આવે છે તો ખૂબ જ થોડી આવે છે!''

સુંદર મજાકના મિજાજમાં બોલ્યા, ''એ તો બહુ સારું! ઊંઘ ન આવે તો ભજન, સાધના કરવાં!''

સંજોગ તો ગંભીર રહીને જ બોલ્યો, ''ગુરુ! એમાં પણ ચિત્ત નથી લાગતું!''

ગુરુ બોલ્યા, ''બેટા! એક ગીત સંભળાવું પછી આગળ વાત કરીએ!'' આમ બોલી સુંદરે ગોપીયંત્ર કસીને લાલનનું 'સાઈ રબ્બાના!'ગીત સંભળાવ્યું પરંતુ તે રાગ બિલાવલને બદલે એકસાથે શબ્દો જોડાજોડ રહે તે રીતે બોલી અને વિચિત્ર રીતે સંભળાવ્યું! બધા સાંભળનારને આનંદને બદલે ત્રાસ છૂટ્યો!

તે પછી તે સંજોગની સામું જોઈ અને બોલ્યા, ''આ ગીત તે સાંભળ્યું છે ને?''

સંજોગદાસે હકારમાં માથું ધુણાવી હા કહી. પછી બોલ્યા, ''પણ ગુરુ! આપે ખૂબ જ ઝડપથી આ ગીત ગાયું તેથી મજા ન આવી!''

તુરત જ સુંદર દાસ બોલ્યા, ''શાબાશ સંજોગ! તું ગીતની વિકૃતિને સમજી ગયો! તેમ જ તે વિકૃતિનું કારણ પણ પકડી લીધું કે અતિ ઝડપથી ગવાતું ગીત, એકબીજાને જોડાજોડ બોલાતા શબ્દોથી ગવાતું ગીત આનંદ આપતું નથી પણ અપ્રિય લાગે છે!'' તે પછી ગોપીયંત્રને બાજુએ રાખી થોડું રોકાઈ અને સુંદર દાસ બોલ્યા, ''ગીત, સંગીત, નૃત્યમાં શબ્દ, સૂર અને મુદ્રા જેટલું જ તેમની વચ્ચે આવતા ઠહેરાવનું મહત્ત્વ છે. ગીતમાં જેટલા શબ્દો મહત્ત્વના છે તેટલું જ મહત્ત્વનું બે શબ્દો વચ્ચે રહેતું મૌન કે ઠહેરાવ, રોકાણ મહત્ત્વનું છે. જે કલાકાર શબ્દ, સૂર કે મુદ્રાને સમજી ગયો પણ વચ્ચે આવતા ઠહેરાવને ભૂલ્યો તે સારો ગાયક, વાદક કે નર્તક ન બની શકે.'' પછી રોકાઈને બોલ્યો, ''જેવું સંગીત સાધનામાં તેવું જ કુદરતમાં! વર્ષો પહેલાં તું અહીં બાઉલ તત્ત્વ સમજવા માટે આવ્યો ત્યારે અહીંથી પલાસબની સુધી સરસ જંગલો હતાં, દામોદર નદી ઊંડી અને ગંભીર રીતે વહી જતી હતી પરંતુ હવે જો! ઉપર વધુ વેરાન થઈ ગયું. કેમ? વરસાદ તો એટલો જ પડે છે પરંતુ ઉપરથી પડતા પાણીને જે રોકતા તે ઝાડ, ખડ, ઘાસ નથી. તેથી પાણીનો ઠહેરાવ-રોકાણ થતું નથી. તેથી રોકાવાનું ભૂલી ગયેલું વેગવાન પાણી, વિનાશક રીતે વહેતું જઈ અને ટેકરીના ઢાળને બંજર બનાવતું, માટીને તાણી જતું આગળ ધસે છે. તે બધી માટીને દામોદર નદીમાં ઠાલવી, તેને પણ છીછરી કરી નાખે છે, આ છે ઠહેરાવ ભૂલ્યાની સજા!'' પછી સંજોગ સામે જોઈને કહે છે, ''સંજોગ! જેવું સંગીતમાં, કુદરતમાં, તેવું જ જીવનમાં! ક્યાં રોકાઈ જવું તે હંમેશાં જાણી લેવું! આપણી કળાઓ જીવન સાથે જોડાયેલી છે, કુદરત સાથે જોડાયેલ છે. તે બધી જીવંત કળા છે. તે જીવનમાં લય, તાલ અને ઠહેરાવ ત્રણે આપે છે.''

> **જેવું સંગીતમાં, કુદરતમાં, તેવું જ જીવનમાં! ક્યાં રોકાઈ જવું તે હંમેશાં જાણી લેવું! આપણી કળાઓ જીવન સાથે જોડાયેલી છે, કુદરત સાથે જોડાયેલ છે. તે બધી જીવંત કળા છે. તે જીવનમાં લય, તાલ અને ઠહેરાવ ત્રણે આપે છે**

સમાપન કરતા બોલ્યા, ''તું ખૂબ જ દોડ્યો! ભલા, ત્રણ ત્રણ આશ્રમની એકલપંડે શું જરૂર હતી? શું જરૂર હતી અડધા યુરોપમાં દિવસો સુધી રખડવાની? ખૂબ દોડ્યો, હવે રોકાઈ જા, તું રોકાઈ જઈશ એટલે ઊંઘની રાણી પણ તારી આંખોમાં આપોઆપ ઢોલિયો ઢાળશે!'' સામે બેઠેલ સંજોગ દાસ ચોધાર આંસુએ રડતો રડતો ગુરુ સુંદર દાસના પગમાં પડી ગયો.